# નવકારમંત્રનું પદાક્ષર સ્વરૂપ

મંત્રશિરોમણિ નવકારમંત્રના આભ્યંતર સ્વરૂપનો મહિમા તો અપરંપાર છે, પરંતુ એના બાહ્ય સ્વરૂપનો, એનાં પદ અને અક્ષરનો મહિમા પણ ઓછો નથી.

મનુષ્ય પોતાના મુખનાં કંઠ, જીભ, હોઠ, તાળવું, પડજીભ, દાંત વગેરે અવયવોની સહાય દ્વારા જુદા જુદા ધ્વનિઓનું ઉચ્ચારણ કરે છે. એવા કેટલાક ધ્વનિઓ માટે સાંકેતિક કે પ્રતીકાત્મક સંજ્ઞા તરીકે વર્ણ અથવા અક્ષર લખાય છે. પ્રત્યેક વર્ણમાં પોતાનામાં જ કંઈક અર્થબોધ કરવાની વિશિષ્ટ શક્તિ રહેલી છે. એને લીધે એવા વર્ણો પોતે પણ શબ્દ સમાન ગણાય છે. એવા કેટલાયે એકાક્ષરી શબ્દો છે કે જેના એક કરતાં વધુ અર્થ થાય છે. જુદા જુદા અક્ષરો મળીને શબ્દ થાય છે. સ્વર-વ્યંજનયુક્ત આવા કેટલાય શબ્દોના પણ એક કરતાં વધુ અર્થ થાય છે. કેટલાક શબ્દોમાં એક વાક્ય જેટલી શક્તિ રહેલી હોય છે. શબ્દસમૂહ દ્વારા એક વાક્યની રચના થાય છે. વાક્ય દ્વારા સવિશેષ, સવિસ્તર, સુનિશ્ચિત અર્થ વ્યક્ત કરી શકાય છે, પણ તે માટે શબ્દ ઉપર પ્રભુત્વ જોઈએ. અન્યથા વધુપડતા શબ્દો દ્વારા અર્થની વધુ ગૂંચવણ કે સંદિગ્ધતા પણ જન્મી શકે છે.

'શબ્દને શું વળગી રહો છો? શબ્દના ઉચ્ચારણ કરતાં એના અર્થનું અને તેથી પણ વધુ તો તેના ભાવનું મહત્ત્વ છે' આવું કહેતાં કેટલાકને આપણે સાંભળીએ છીએ. એક અપેક્ષાએ આ બહુ જ સાચું છે, પણ બીજી અપેક્ષાએ શબ્દનું પણ એટલું જ મૂલ્ય છે. વળી શબ્દ કરતાં પણ તેના ઉચ્ચારનારનું એથી પણ વધુ મહત્ત્વ છે. એકનો એક શબ્દ એક સામાન્ય કે અધમ માણસે ઉચ્ચાર્યો હોય અને તે જ શબ્દ કોઈ રાષ્ટ્રની સર્વસત્તાધીશ વ્યક્તિએ જાહેરમાં ઉચ્ચાર્યો હોય અથવા કોઈ તપસ્વી, જ્ઞાની સંતમહાત્માએ ઉચ્ચાર્યો હોય તો તે દરેકના પ્રભાવમાં ઘણો ફરક પડે છે. જો મહાત્માઓની સામાન્ય વાતચીતના શબ્દોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આટલો બધો પ્રભાવ પડતો હોય છે તો મહાત્માઓમાં પણ જે મહાત્મા ગણાતા હોય તેવા સાધક મનીષી મહાપુરુષોએ વિશિષ્ટ, ઉચ્ચ, કલ્યાણકારી પ્રયોજનપૂર્વક અક્ષરોનું ઉચ્ચારણ કર્યું હોય તો તે અક્ષરોનું મૂલ્ય કેટલું બધું વધી જાય! એવા અક્ષરો સંખ્યામાં ઝાઝા નથી હોતા, પણ તેની શક્તિ અદ્દભુત હોય છે. એ અક્ષરો મંત્રરૂપ બની જાય છે. અર્થની અપેક્ષા વગર પણ એ અક્ષરોનું ઉચ્ચારણ સમર્થ અને શક્તિસ્વરૂપ હોય છે. એ અક્ષરોના ધ્વનિતરંગોમાં રહેલા અકળ સામર્થ્યને કારણે જ તે મંત્રરૂપ બની જાય છે. મંત્રવિદ્યા એ એક ગૂઢ વિદ્યા ગણાય છે. મંત્રમાં એટલા માટે અક્ષરોનું ઘણું મહત્ત્વ છે. એટલા માટે જ કહેવાય છે કે निर्बीजमक्षरं नास्ति અથવા नास्त्यनक्षरं मंत्रम् – એટલે કે નિર્બીજ (મંત્રશક્તિરહિત) એવો કોઈ અક્ષર નથી અને અક્ષરરહિત કોઈ મંત્ર નથી. આમ, શબ્દના અર્થનું કે ભાવનું મહત્ત્વ સ્વીકારાયું છે. મંત્રાક્ષરોમાં તદુપરાંત જો ભાવની વિશુદ્ધિ પણ વણાઈ જાય તો પછી તેની શક્તિની તો વાત જ શી કરવી!

નવકારમંત્ર એ મંત્ર છે. આપણે જોયું તેમ, મંત્રમાં અક્ષરનું ઘણું મહત્ત્વ હોય છે. સામાન્ય લખાણ કે વાતચીતમાં માત્ર અક્ષરનો જ નહિ, શબ્દોનો પણ વિસ્તાર હોય છે. મંત્ર અક્ષરની દૃષ્ટિએ સઘન હોય છે. પ્રત્યેક અક્ષરનું વિશિષ્ટ પ્રયોજન અને મહત્ત્વ હોય છે. મંત્રમાં અક્ષરનો અનાવશ્યક ઉપયોગ ન હોય. મંત્રના અક્ષરોને વેડફી નાખી શકાય નહિ, કારણ કે એથી મંત્રની શક્તિ ઘટે છે અને કાર્યસિદ્ધિમાં વિલંબ થાય છે અથવા તે નિષ્ફળ નીવડે છે. એટલા માટે અક્ષરને મંત્રદેવતાના દેહ તરીકે માનવામાં આવે છે. મંત્રની રચના મંત્રદ્રષ્ટાઓ કરતા હોય છે. તેઓ પ્રત્યેક અક્ષરનાં સ્વરૂપ, ધ્વનિતરંગ, સૂક્ષ્મ રંગ, રહસ્ય, શક્તિ ઇત્યાદિને પોતાના અતીન્દ્રિય અનુભવ દ્વારા જાણતા હોય છે. અને તેથી તેઓ મંત્રમાં પરિણામની દૃષ્ટિએ એટલે કે ઇષ્ટફલની દૃષ્ટિએ અક્ષરોનું સંયોજન કરે છે.

નવકારમંત્ર અનાદિ સિદ્ધ મનાયો છે. તે મંત્ર સ્વરૂપ હોવાને કારણે તેમાં પણ પ્રત્યેક અક્ષરનું મહત્ત્વ સ્વીકારાયું છે. નવકારમંત્રનો એક એક અક્ષર ઘણા બધા અર્થો અને ભાવોથી સભર છે. અક્ષર ઉપરાંત તેના પ્રત્યેક શબ્દમાં પણ ઘણા અર્થો અને ભાવો રહેલા છે. એટલે જ નવકારમંત્રના શબ્દોના અર્થનું વિવરણ કરતા જઈએ અને તે વિવરણનું પણ વિવરણ એમ ઉત્તરોત્તર કરતા જઈએ તો ચૌદ પૂર્વ જેટલું લખાણ થાય. એટલા માટે જ નવકારમંત્રને ચૌદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વના સાર તરીકે ઓળખાવવામાં કોઈ અતિશયોક્તિ થયેલી નથી. વળી, નવકારમંત્રમાંથી પ્રણવ, માયા, અર્હં વગેરે પ્રભાવશાળી મંત્રબીજાક્ષરોની ઉત્પત્તિ થઈ છે એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. એટલે નવકારમંત્ર એ મંત્રોનો પણ મંત્ર છે, મહામંત્ર છે એમ સ્વીકારાયું છે.

મંત્રમાં અક્ષરોના ઉચ્ચારણમાં પ્રમાદ કે શિથિલતા ન ખપે. 'ચાલશે' એવી વૃત્તિ કે વલણ મંત્રસાધનામાં ન ચાલે. અક્ષર એ મંત્રદેવતાનો દેહ હોવાથી ઉચ્ચારણમાં જો ઓછુંવત્તું થાય કે અક્ષરો ચૂકી જવાય તો તેથી મંત્રદેવતાનું શરીર વિકૃત થાય છે એવી માન્યતા છે. એ માટે બે વિદ્યાસાધકોનું દૃષ્ટાંત અપાય છે. ગુરુએ તેમને ગુપ્ત વિદ્યા આપી અને તેની આમ્નાય - સાધનાની રીત - પણ શીખવી. તે અનુસાર તેઓ બંનેએ વિદ્યાદેવીની સાધના કરી. પરંતુ એથી જે વિદ્યાદેવીઓ તેમને પ્રત્યક્ષ થઈ તેમાંની એક લાંબા દાંતવાળી દેખાઈ અને બીજી એક આંખે કાણી દેખાઈ. આથી તેમને આશ્ચર્ય થયું. તરત એમને પોતાની ભૂલ સમજાઈ કે અક્ષરોના ઉચ્ચારણમાં કંઈક ફરક પડ્યો હોવો જોઈએ. તેઓએ ફરીથી મંત્રનો પાઠ અક્ષરની દૃષ્ટિએ બરાબર શુદ્ધ કર્યો. એથી વિદ્યાદેવીઓ ફરીથી પોતાના મૂળ સુંદર સ્વરૂપે પ્રગટ થઈ. મંત્રમાં અક્ષરો અને તેના સંયોજનનું તથા તેની પાઠશુદ્ધિનું કેટલું મહત્ત્વ છે, તે આ દૃષ્ટાંત પરથી સમજાશે.

જુદા જુદા કેટલાક મંત્રો એના અક્ષરોની સંખ્યાથી પણ સુપ્રસિદ્ધ થયા છે. પંચાક્ષરી, સપ્તાક્ષરી, અષ્ટાક્ષરી, ષોડશાક્ષરી વગેરે મંત્રોની જેમ નવકારમંત્ર અડસઠ અક્ષરોથી જાણીતો છે. મંત્રોના અક્ષરોની સંખ્યા સુનિશ્ચિત અને સુપ્રસિદ્ધ હોવાથી મંત્રમાં તેની વધઘટ થવાનો સંભવ રહેતો નથી.

નવકારમંત્ર એના અડસઠ અક્ષરથી તેમ જ નવ પદથી સુપ્રસિદ્ધ છે. નવનો સંખ્યાંક અખંડિત અને શુકનવંતો મનાયો છે. ગુણાકાર, ભાગાકાર વગેરે ગણિતના પ્રયોગોમાં પણ તે છેવટે નવ ઉપર આવીને રહે છે. નવકારમંત્રનાં નવ પદનો મહિમા વર્ણવતાં વચનો પણ ઘણાં છે. ઉ. ત.,

**નવ પદ એનાં નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે.**

* * *

**નવ પદ એ છે નવે નિધાન, સેવો હૃદયે ધરી બહુમાન.**

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નવ પદ ધ્યાને દુઃખ વીસરાઈ,**

**પગ પગ ઋદ્ધિ સુખ વિશાળ.**

નવકારમંત્રના એક પદનો, બે પદનો, ત્રણ પદનો, પાંચ પદનો અને નવ પદનો એમ જુદી જુદી દૃષ્ટિએ મહિમા દર્શાવવામાં આવ્યો છે. પહેલાં પાંચ પદ પાંચ પરમેષ્ઠિનાં હોવાથી કેટલાક પાંચ પદ ઉપર ભાર મૂકી તેટલો જ મંત્ર ગણવાનો આગ્રહ રાખે છે. એ પાંચ પદનો મહિમા અપાર છે તેમ છતાં નવ પદના મંત્રનો જાપ કરવાની પરંપરા બહુ પ્રાચીન સમયથી ચાલી આવે છે. 'મહાનિશીથ સૂત્ર'માં નવકારમંત્રને પાંચ અધ્યયન અને એક ચૂલિકાવાળો કહ્યો છે અને તેના અક્ષરોની સંખ્યા ૬૮ની જણાવી છે.

નવકારમંત્રમાં પાંચ પદના પાંત્રીસ વર્ણ અને ચૂલિકાના તેત્રીસ વર્ણ એમ કુલ અડસઠ વર્ણ છે. 'નમસ્કાર પંજિકા'ની નીચેની ગાથામાં પણ તે જણાવ્યું છે.

**पंचपयाणं पणतीस वण्ण चुलाइ – वण्ण तितीसं।**
**एवं इमो सम्प्रपइ फुडमक्खरमट्ठसट्ठीए।।**

[પાંચ પદોના પાંત્રીસ વર્ણ અને ચૂલાના તેત્રીસ વર્ણ એમ આ (નવકારમંત્ર) સ્પષ્ટ અડસઠ અક્ષર સમર્પે છે.]

'બૃહન્નમસ્કારફલ'માં કહ્યું છે :

**सत्तपणसत्तसत्त य नवक्खरपमाणपयडं पंचपयं।**
**अखर तितिस वर चूलं सुमरह नवकारवरमंतं।।**

[સાત, પાંચ, સાત, સાત અને નવ અક્ષર પ્રમાણ જેનાં પ્રગટ પાંચ પદો છે તથા તેત્રીસ અક્ષર પ્રમાણ શ્રેષ્ઠ ચૂલિકા જેની છે એવા ઉત્તમ શ્રી નવકારમંત્રનું તમે નિરંતર સ્મરણ કરો.]

ચૂલિકા શબ્દ ચૂલા ઉપરથી આવ્યો છે. 'ચૂડા' શબ્દ પણ પ્રયોજાય છે. ચૂલા એટલે આભૂષણ; ચૂલા એટલે શોભા વધારનાર; ચૂલા એટલે શિખર. 'નંદીસૂત્ર'માં કહ્યું છે કે શ્રુતરૂપી પર્વત ઉપર શિખરની જેમ જે શોભે તે ચૂલા.

નવકારમંત્રમાં પાપના ક્ષયરૂપી અને શ્રેષ્ઠતમ મંગલરૂપી એનો મહિમા ચૂલિકામાં ચાર પદમાં દર્શાવવામાં આવ્યો છે.

નવકારમંત્રનાં જે નવ પદ ગણાવવામાં આવે છે તેમાં 'પદ' શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. સંસ્કૃતમાં પદ શબ્દના ઘણા જુદા જુદા અર્થ થાય છે, જેવા કે પદ એટલે પગ, પગલું, નિશાની, સ્થાન, અધિકાર, ચોથો ભાગ, વિરામસ્થાન, પ્રતિષ્ઠા, વ્યવસાય, વાટાઘાટ, રહેઠાણ, વિષય, શબ્દ, વિભક્તિવાળો શબ્દ, વાક્યમાંથી છૂટો પડેલો શબ્દ, વર્ગમૂળ, માપ, રક્ષણ, સંભાળ, શતરંજની રમતનું ખાનું, સરવાળા માટેની સંખ્યાઓમાંની કોઈ એક સંખ્યા, તેજકિરણ, શ્લોકનું એક ચરણ વગેરે. નવકારમંત્રમાં પદ એટલે શબ્દોનો સમૂહ અથવા વિવક્ષિત અર્થવાળા શબ્દોનો સમુચ્ચય. નવકારમંત્રનાં છેલ્લાં ચાર પદને શ્લોકના ચરણના અર્થમાં પણ પદ તરીકે ઓળખાવી શકાય.

નવકારમંત્રમાં જે નવ પદ છે તેમાં, જેને અંતે વિભક્તિ છે તે પદ, એવો વ્યાકરણની દૃષ્ટિએ અર્થ લેવાનો નથી, પણ અપેક્ષિત અર્થની સમાપ્તિ જ્યાં થાય છે તે પદ એવો અર્થ લેવાનો છે. એટલે 'મર્યાદિત શબ્દસમૂહ અપેક્ષિત અર્થ પ્રમાણે એકમ જેવો બની રહે તે પદ' એવા અર્થની દૃષ્ટિએ નવકારમંત્રમાં નીચે પ્રમાણે નવ પદ છે અને તે રીતે જ નવ પદ સુપ્રસિદ્ધ છે :

(१) नमो अरिहंताणं (२) नमो सिद्धाणं (३) नमो आयरियाणं (४) नमो उवज्जायाणं (५) नमो लोए सव्वसाहूणं (६) एसो पंचनमुक्कारो (७) सव्व पावप्पणासणो (८) मंगलाणं च सव्वेसि (९) पढमं हवइ मंगलम्

નવકારમંત્રનાં પદની ગણના, જુદી જુદી દૃષ્ટિએ વિશેષ વિચારણા માટે જુદી જુદી રીતે થયેલી છે. 'પ્રત્યાખ્યાન નિર્યુક્તિ'ની ચૂર્ણિમાં ચૂલિકા સિવાયના નવકારનાં છ પદ ગણાવ્યાં છે, એમ દસ પદ પણ ગણાવ્યાં છે. છ પદ નીચે પ્રમાણે છે :

(१) नमो (२) अरिहंत (३) सिद्ध (४) आयरिय (५) उवज्झाय (६) साहूणं [नमो अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहूणं]

વળી નવકારનાં દસ પદ ગણાવવામાં આવ્યાં છે, જેમ કે

(१) नमो (२) अरिहंताणं (३) नमो (४) सिद्धाणं (५) नमो (६) आयरियाणं (७) नमो (८) उवज्झायाणं (९) नमो (१०) साहूणं

વળી, અન્યત્ર નવકારનાં અગિયાર પદ ગણાવવામાં આવે છે, જેમ કે

(१) नमो (२) अरिहंताणं (३) नमो (४) सिद्धाणं (५) नमो (६) आयरियाणं (७) नमो (८) उवज्झायाणं (९) नमो (१०) लोए (११) सव्वसाहूणं

વ્યાકરણશાસ્ત્રમાં પદની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विभक्त्यन्तं पदम् । અર્થાત્ વિભક્તિવાળું તે પદ. અથવા તદ્દન સરળ વ્યાખ્યા કરવી હોય તો વાક્યમાં વપરાયેલો શબ્દ તે પદ એમ કહી શકાય. પ્રત્યેક પદ તે અવશ્ય શબ્દ હોય છે, પરંતુ પ્રત્યેક શબ્દ પદ હોય કે ન હોય. વળી જેમ શબ્દ એકાક્ષરી હોઈ શકે છે તેમ પદ પણ એકાક્ષરી હોઈ શકે છે.

વ્યાકરણશાસ્ત્રની આ વ્યાખ્યા પ્રમાણે નવકારમંત્રમાં નીચે પ્રમાણે કુલ વીસ પદ છે :

(૧) नमो (૨) अरिहंताणं (૩) नमो (૪) सिद्धाणं (૫) नमो (૬) आयरियाणं (૭) नमो (૮) उवज्झायाणं (૯) नमो (૧૦) लोए (૧૧) सव्वसाहूणं (૧૨) एसो (૧૩) पंचनमुक्कारो (૧૪) सव्वपावप्पणासणो (૧૫) मंगलाणं (૧૬) च (૧૭) सव्वेसि (૧૮) पढमं (૧૯) हवइ (૨૦) मंगलम्.

આ પદોમાં सव्वसाहूणं એ બે પદોનો બનેલો સમાસ છે. એટલે તે એક જ પદ છે. તેવી રીતે सव्वपावप्पणासणो એ ત્રણ શબ્દનો બનેલો સમાસ છે એટલે તે પણ એક જ પદ ગણાય છે.

તેવી જ રીતે पंचनमुक्कारोમાં पंच અને नमुक्कारो એ બે શબ્દનો સમાસ થયો છે. એટલે તેને બે જુદાં પદ ગણવાને બદલે એક જ પદ ગણવાનું છે, કારણ કે તે સામાસિક પદ છે. જો पंचને જુદું પદ ગણીએ તો તે પછી આવતું नमुक्कारो પદ જે એકવચનમાં છે તેને બહુવચનમાં नमुक्कारा એમ મૂકવું પડે અને જો पंचनमुक्कारा એમ બહુવચનમાં મૂકીએ તો एसो પદને પણ બહુવચનમાં મૂકવું પડે અને सव्व पावप्पणासणो પદને પણ બહુવચનમાં મૂકવું પડે. પરંતુ તેમ થયું નથી. એટલે पंचनमुक्कारोને એક જ પદ તરીકે સ્વીકારવામાં આવે છે.

વ્યાકરણની દૃષ્ટિએ નવકારમંત્રમાં પદો જે રીતે વપરાયાં છે તે નીચે મુજબ છે :

(૧) नमो – નૈપાતિક પદ છે - અવ્યય છે.

(૨) अरिहंताणं – 'अरिहंत' શબ્દ છઠ્ઠી વિભક્તિ, બહુવચનમાં છે.

(૩) सिद्धाणं – 'सिद्ध' શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૪) आयरियाणं – 'आयरिय' શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૫) उवज्झायाणं – उवज्झाय શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં વપરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) लोए – लोअ (सं. लोक) શબ્દ સાતમી વિભક્તિ એકવચનમાં છે.

(૭) सव्वसाहूणं – सव्वसाहु (सं. सर्वसाधु) શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં છે.

(૮) एसो – एस (सं. एष.:) શબ્દ દર્શક સર્વનામ છે.

(૯) पंचनमुक्कारो – पंचनमुक्कार (सं. पंचनमस्कार) શબ્દ સમાસ છે. તે પહેલી વિભક્તિ એકવચનમાં છે.

(૧૦) सव्वपावप्पणासणो – सव्वपावणासणो (सं. सर्वपापप्रनाशक) શબ્દ સમાસ છે. તે પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

(૧૧) मंगलाणं – मंगल શબ્દ છઠ્ઠી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

(૧૨) च – અવ્યય છે. નૈપાતિક પદ છે. સમુચ્ચયના અર્થમાં વપરાયો છે.

(૧૩) सव्वेसि – सव्व (सर्व) શબ્દ સર્વનામ છે. તે શબ્દ છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં વપરાયો છે.

(૧૩) पढमं – पढम (सं. प्रथम) શબ્દ 'मंगल' પદનું વિશેષણ છે અને તે પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયું છે.

(૧૪) हवइ – हो (सं. भू) ધાતુ ઉપરથી બનેલો શબ્દ વર્તમાનકાળમાં ત્રીજો પુરુષ એકવચનમાં વપરાયો છે.

(૧૬) मंगलं – मंगल શબ્દ પહેલી વિભક્તિ એકવચનમાં વપરાયો છે.

પૂ. શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજે 'નમસ્કાર સ્વાધ્યાય'માં નવકારમંત્રનાં નવ પદનું છંદની દૃષ્ટિએ સવિગત પૃથક્કરણ કરી બતાવ્યું છે. એ પ્રમાણે નવકારમંત્રનાં પ્રથમ પાંચ પદ ગદ્યબદ્ધ છે, છતાં તે લયબદ્ધ છે. તેનું બંધારણ આલાપક(આલાવા)નું છે. નવકારમંત્રનાં આ પાંચમાંથી પ્રથમ ત્રણ પદનું એક ચરણ અને ચોથા તથા પાંચમા પદનું બીજું ચરણ એમ જો તે બે ચરણમાં મૂકવામાં આવે તો ત્રિકલ અને ચતુષ્કલના આવર્તનયુક્ત તે ગાથા (ગાહા) છંદની એક કડી જેવું લાગે, કારણ કે ગાથા છંદમાં પ્રથમ ચરણમાં ૩૦ માત્રા અને બીજા ચરણમાં ૨૭ માત્રા હોય છે, જ્યારે નવકારમંત્રમાં નીચે પ્રમાણે પહેલામાં ૩૧ અને બીજામાં ૨૭ માત્રા થાય છે. એટલે કે પહેલા ચરણમાં ફક્ત એક જ માત્રાનો ફરક છે, જે નિર્વાહ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ :

नमो अरिहंताणं नमो सिद्धाणं नमो आयरियाणं। – ૩૧ માત્રા
नमो उवज्जायाणं नमो लोए सव्वसाहूणं।। – ૨૭ માત્રા

નવકારમંત્રમાં ચૂલિકાનાં ચાર પદ છે. તે પદ્યબદ્ધ છે. તે અનુષ્ટુપ છંદમાં છે. તેને શ્લોક તરીકે (પ્રાકૃતમાં સિલોગો તરીકે) પણ ઓળખાવાય છે. ચૂલિકાનાં પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ છે. બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ અને આઠમો અક્ષર ગુરુ છે. અનુષ્ટુપ શ્લોકમાં પ્રત્યેક ચરણના આઠ અક્ષર, એમ ચાર ચરણના બત્રીસ અક્ષર હોય છે. નવકારમંત્રની ચૂલિકાના સિલોગોના ૩૨ને બદલે તેત્રીસ અક્ષર છે; પરંતુ ૩૩ અક્ષરનો શ્લોક પ્રાકૃતમાં પ્રચલિત છે. 'હવઇ'ના 'ઇ'ને અનક્ષર તરીકે ગણતાં શ્લોકનું માપ બરાબર સચવાય છે. વળી, તેત્રીસ અક્ષર હોવા છતાં શ્લોકના ઉચ્ચારણમાં કશો ફરક પડતો નથી.

નવકારમંત્રના પ્રથમ પદ 'નમો અરિહંતાણં'માં સાત અક્ષરો છે. એ સાત અક્ષરનો પણ વિશિષ્ટ મહિમા બતાવાયો છે. કહેવાયું છે :

सप्तक्षेत्रीव सफला सप्तक्षेत्रीव शाश्वती।
सप्ताक्षरीयं प्रथमा सप्त हन्तु भयानि मे।।

[સાત ક્ષેત્રો (જિન મંદિર, જિન પ્રતિમા, જિનાગમ વગેરે)ની જેમ સફળ અને સાત ક્ષેત્ર(ભરતાદિ)ની જેમ શાશ્વત એવી આ સપ્તાક્ષરી મારા સાત ભયને દૂર કરો.]

શ્રી 'મહાનિશીથ સૂત્ર'ના પાંચમા અધ્યયનમાં પણ આ સાત અક્ષરોનો મહિમા દર્શાવાયો છે. જુઓ :

**नमो अरिहंताणं। सत्तक्खर परिमाणं अणंत गमपज्जवत्थसाहग, सव्व महामंतपवरविज्जाणं परमबीअभूअं।**

(નમો અરિહંતાણં - એ સાત અક્ષર પ્રમાણ, અનંત ગમ પર્યવયુક્ત અર્થસાધક તથા સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજભૂત છે.)

'ઉપદેશતરંગિણી'માં કહ્યું છે :

पंचादौ यत्पदानि त्रिभुवनपतिभिर्व्याहता पंचतीर्थी
तीर्थान्येवाष्टषष्टिर्जिन समयरहस्यानि यस्याऽक्षराणि।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यस्याष्टौसम्पदश्चानुपमतमहासिद्धयोऽद्वैतशक्ति–
जीयाद् लोकद्वयश्चाऽभिलिषितफलदः श्री नमस्कारमन्त्रः।।

[આ લોક અને પરલોક એમ બંને લોકમાં ઇચ્છિત ફળને આપનાર શ્રી નમસ્કાર મંત્ર જયવંતો વર્તે કે જેનાં પહેલાં પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પંચતીર્થ તરીકે કહ્યાં છે; જિન સિદ્ધાંતના રહસ્યભૂત એના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે. અને તેની આઠ સંપદાઓને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિઓ તરીકે વર્ણવી છે.]

નવકારમંત્રમાં કુલ ૬૮ અક્ષર છે. તેમાં પ્રથમનાં પાંચ પદ, પાંચ અધ્યયનસ્વરૂપ છે, મંત્રસ્વરૂપ છે. તે પાંચ પદના વ્યંજનસહિત ૩૫ અક્ષરો છે. મંત્રશાસ્ત્રમાં અક્ષરોમાં જોડાક્ષર-સંયુક્તાક્ષરને ગુરુ અથવા ભારે અને અન્ય અક્ષરોને લઘુ અથવા હળવા ગણવામાં આવે છે. એ પ્રમાણે પ્રથમ પાંચ પદમાં ૩૨ લઘુ અને ૩ ગુરુ અક્ષર છે. પછીનાં ચાર પદ ચૂલિકાનાં છે. તેના વ્યંજનરહિત ૩૩ અક્ષરો છે. તેમાં ૨૯ લઘુ અને ૪ ગુરુ અક્ષરો છે. પ્રત્યેક પદમાં આ દૃષ્ટિએ લઘુગુરુ અક્ષરો કેટલા છે તે જુઓ :

(૧) પ્રથમ પદ – नमो अरिहंताणंમાં સાત અક્ષર છે. આ સાતે અક્ષર લઘુ છે.

(૨) બીજા પદ – नमो सिद्धाणंમાં પાંચ અક્ષરો છે. તેમાં ચાર લઘુ અક્ષર છે અને એક ગુરુ છે.

(૩) ત્રીજા પદ – नमो आयरियाणंમાં સાત અક્ષરો છે. એ સાતે અક્ષર લઘુ છે.

(૪) ચોથા પદ – नमो उवज्झायाणंમાં સાત અક્ષરો છે. તેમાં છ લઘુ અને એક ગુરુ છે.

(૫) પાંચમા પદ – नमो लोए सव्वसाहूणंમાં નવ અક્ષર છે. તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે.

(૬) છઠ્ઠા પદ – एसो पंचनमुक्कारोમાં આઠ અક્ષરો છે. તેમાં સાત લઘુ અક્ષર છે અને એક ગુરુ છે.

(૭) સાતમા પદ – सव्व पावप्पणासणोમાં આઠ અક્ષર છે. તેમાં છ લઘુ અને બે ગુરુ અક્ષર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) આઠમા પદ – मंगलाणं च सव्वेसिमां આઠ અક્ષર છે. તેમાં સાત લઘુ અને એક ગુરુ છે.

(૯) નવમા પદ – पढमं हवइ मंगलंમાં નવ અક્ષર છે. તે નવ અક્ષર લઘુ છે.

આમ, નવકારમંત્રના નવ પદની વર્ણસંખ્યા એટલે અક્ષરસંખ્યા અનુક્રમે ૭ + ૫ + ૭ + ૭ + ૯ + ૮ + ૮ + ૮ + ૯ = ૬૮ છે. તેમાં લઘુવર્ણ ૬૧ અને ગુરુવર્ણ ૭ છે.

જોડાક્ષરમાં એક અડધો અક્ષર (સ્વરરહિત વ્યંજન) અને એક આખો અક્ષર હોય છે. એટલે ગણિતની દૃષ્ટિએ દોઢ અક્ષર થાય. પરંતુ ભાષામાં, વ્યાકરણમાં અક્ષરોની ગણનામાં જોડાક્ષરને એક જ અક્ષર તરીકે ગણવામાં આવે છે, દોઢ તરીકે નહિ. લઘુ-ગુરુની દૃષ્ટિએ જોડાક્ષર ગુરુ અક્ષર ગણાય છે. એટલે નવકારમંત્રમાં લઘુ-ગુરુની દૃષ્ટિએ બધા મળીને અડસઠ અક્ષર છે એ સુપ્રસિદ્ધ છે અને પ્રાચીન સમયના શાસ્ત્રકારો, કવિઓ એના અડસઠ અક્ષરનો મહિમા ગાતા આવ્યા છે. ઉ. ત. જુઓ :

**અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર.**

* * *

**સાત અક્ષર છે ગુરુ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર;**
**સાત સાગરનાં પાતક વર્ણો, પદે પંચાસ વિચાર.**

* * *

**સઘળા અક્ષર મહિમાવંતા, ગણજો નર ને નાર;**
**પંચપરમેષ્ઠિ ભાવે નમતાં, ઉતારે ભવ પાર.**

કવિતામાં છંદશાસ્ત્રની દૃષ્ટિએ અ, ઈ, ઉ વગેરે પાંચ હ્રસ્વ સ્વર છે. વ્યંજનસહિત હ્રસ્વ સ્વર તે પણ લઘુ સ્વર ગણાય છે અને તેની એક માત્રા ગણાય છે. જોડાક્ષર પૂર્વેના સ્વર ઉપર ભાર આવતો હોવાથી તે સ્વર ગુરુ ગણાય છે અને તેની બે માત્રા ગણાય છે. ઉ. ત. सिद्धाणंમાં 'सि' હ્રસ્વ સ્વર છે, પણ તેની પછી સંયુક્તાક્ષર 'द्धा' આવતો હોવાથી તે सि નો સ્વર દીર્ઘ સ્વર ગણાય છે. છંદશાસ્ત્રમાં પદાન્તે કે ચરણાન્તે આવતા લઘુ સ્વરને પણ ગુરુ ગણી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, જો તે સ્વર અનુસ્વારયુક્ત હોય તો પણ તેને ગુરુ ગણી શકાય છે અને તેની બે માત્રા ગણાય છે. નવકારમંત્રમાં પિંગળશાસ્ત્રની દૃષ્ટિએ નીચે પ્રમાણે હ્રસ્વ અને દીર્ઘ સ્વરની – લઘુ અને ગુરુ સ્વરની ગણના કરવામાં આવે છે :

(૧) नमो अरिहंताणं – આ પ્રથમ પદમાં न, अ, रि, એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે અને मो, हं, ता, णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૨) नमो सिद्धाणं – આ બીજા પદમાં नમાં હ્રસ્વ સ્વર છે અને मो, सि, द्धा, णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૩) नमो आयरियाणं – આ ત્રીજા પદમાં न, य, रि, એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે અને मो, आ, या, णं એ ચારમાં દીર્ઘ સ્વર છે.

(૪) नमो उवज्झायाणं – આ ચોથા પદમાં न, उ એ બેમાં હ્રસ્વ સ્વર છે અને मो, व, ज्झा, या, णं એ પાંચમાં દીર્ઘ સ્વર છે.

(૫) नमो लोए सव्वसाहूणं – આ પાંચમા પદમાં न, व्व એ બેમાં હ્રસ્વ સ્વર છે, અને मो, लो, ए, स, सा, हू, णं એ સાતમાં દીર્ઘ સ્વર છે.

(૬) एसो पंचनमुक्कारो – આ છઠ્ઠા પદમાં च અને न એ બેમાં હ્રસ્વ સ્વર છે અને ए, सो, पं, मु, क्का, रो એ છમાં દીર્ઘ સ્વર છે.

(૭) सव्वपावप्पणासणो – આ સાતમા પદમાં व्व, प्प, स એ ત્રણમાં હ્રસ્વ સ્વર છે અને स (પહેલો અક્ષર), पा, व, णा, णो એ પાંચમાં દીર્ઘ સ્વર છે.

(૮) मंगलाणं च सव्वेसि – એ આઠમા પદમાં ग અને च એ બેમાં હ્રસ્વ સ્વર છે અને मं, ला, णं, स, व्वे, सि એ છમાં દીર્ઘ સ્વર છે.

(૯) पढमं हवइ मंगलं – એ નવમા પદમાં प, ढ, ह, व, इ, ग એ છમાં હ્રસ્વ સ્વર અને मं, मं, लं એ ત્રણમાં દીર્ઘ સ્વર છે.

આમ નવકારમંત્રનાં નવ પદમાં ૩ + ૧ + ૩ + ૨ + ૨ + ૨ + ૩ + ૨ + ૬ = ૨૪ હ્રસ્વ સ્વર અને ૪ + ૪ + ૪ + ૫ + ૭ + ૬ + ૫ + ૬ + ૩ = ૪૪ દીર્ઘ સ્વર છે.

ચોવીસ હ્રસ્વ સ્વર ચોવીસ તીર્થંકરનાં પ્રતીકરૂપ બની રહે છે અને ૪૪ દીર્ઘ સ્વર ચોવીસ તીર્થંકર તથા વીસ વિહરમાન જિનેશ્વર એમ મળીને ૪૪ અરિહંત પરમાત્માનાં પ્રતીકરૂપ બની રહે છે.

નવકારમંત્રના અધ્યયનસ્વરૂપ પ્રથમ પાંચ પદના પાંત્રીસ અક્ષર છે. તેમાં પ્રથમ પદ नमो अरिहंताणं ના સાત અક્ષર છે. તેવી જ રીતે ત્રીજા અને ચોથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદના પણ પ્રત્યેકના સાથ સાત અક્ષર છે. બીજા પદના પાંચ અક્ષર છે, તો પાંચમા પદના નવ અક્ષર છે. એ રીતે બીજા અને પાંચમા પદના મળીને ચૌદ અક્ષર થાય છે. એટલે એ બે પદના સરેરાશ સાત સાત અક્ષર થાય. પાંચે પદના અક્ષર સાથે ગણવામાં આવે તો પણ પાંત્રીસ અક્ષર પ્રમાણે પ્રત્યેક પદના સરેરાશ સાત અક્ષર આવે અને સાતનો અંક પણ ૐકારસ્વરૂપ અને અખંડિત મનાય છે. કોઈકને કદાચ પ્રશ્ન થાય કે પાંચમા પદમાં लोए અને सव्व એ બે પદ પાંત્રીસની સંખ્યા પૂરી કરવા માટે તો નથી બેસાડી દેવામાં આવ્યાં ને ? તેમ થયું હોય તો પણ તે પ્રયોજન ગૌણ હોઈ શકે. लोए અને सव्व એ બે પદ એવાં છે કે માત્ર પાંચમા પદમાં નહિ, પ્રત્યેક પદમાં તે પ્રયોજી શકાય છે. नमो लोए सव्व अरिहंताणं કે लोए सव्व सिद्धाणं જેવી પદરચના પણ થઈ શકે છે. એકલું सव्व પદ કે એકલું लोए પદ પ્રથમ ચાર પદમાં પ્રયોજી શકાય છે. મંત્રમાં બીજા પદમાં માત્ર सव्व પદ ઉમેરીને અને પાંચમા પદમાં માત્ર लोए રાખીને પ્રત્યેક પદના સાત સાત અક્ષર સ્પષ્ટ રીતે કરી શકાયા હોત. તેમ છતાં બીજા પદના પાંચ અક્ષર રાખી પાંચમા પદના નવ અક્ષર કેમ કરાયા હશે એવો પ્રશ્ન થાય. વસ્તુતઃ लोए અને सव्व એ બે શબ્દ પાંચમા પદમાં જ સુસંગત અને સર્વ દૃષ્ટિએ ઉચિત છે. लोए અથવા सव्व શબ્દમાંથી કોઈ એક શબ્દ અથવા તે બંને શબ્દો આરંભના કોઈ પણ પદમાં મૂકવામાં આવે તો અર્થની દૃષ્ટિએ ફરક નહિ પડે, પણ ત્યારપછીના પદમાં તે અવશ્ય મૂકવાં જ પડે, નહિ તો અર્થ મર્યાદિત થાય અને સંશય જન્માવે. नमो सव्व सिद्धाणं એવી પદરચના કર્યા પછી नमो सव्व आयरियाणं ન હોય અને માત્ર नमो आयरियाणं હોય તો મનમાં પ્રશ્ન થાય કે શું બધા આચાર્યોને નમસ્કાર નહિ હોય ? એવી જ રીતે लोए શબ્દ બીજા પદમાં પ્રયોજવામાં આવે અને પછી ન પ્રયોજાય તો પણ અર્થ મર્યાદિત છે કે કેમ તે વિશે સંશય રહે. એટલે लोए અને सव्व બંને શબ્દો પાચમા પદમાં વપરાયા છે, તે જ સર્વ રીતે યોગ્ય છે, કારણ કે છેલ્લા પદમાં હોય તો ઉપરનાં ચારે પદમાં એ અર્થ આપોઆપ આવી જ જાય છે એમ સ્વાભાવિક તર્કથી પણ સમજી શકાય. વળી પદના અક્ષરોની દૃષ્ટિએ પણ સાતના સંખ્યાંકની સાથે પાંચ અને નવના સંખ્યાંક પણ એટલા જ પવિત્ર મનાયા છે. એટલે પ્રત્યેક પદના સરેરાશ સાત અક્ષર થવા સાથે પાંચ, સાત અને નવ એ ત્રણે સંખ્યાંક ગૂંથી લેવાયા છે. વળી લયબદ્ધ આલાપકની દૃષ્ટિએ પણ તે સુસંગત, સુસંવાદી અને વૈવિધ્યમય બન્યા છે.

નવકારમંત્રમાં વ્યંજનરહિત સ્વર આ પ્રમાણે છે (મંત્રમાં તે કેટલી વાર આવે છે તેના સંખ્યાંકો કૌંસમાં જણાવ્યા છે) : અ (૧), આ (૧), ઇ (૧),

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ (૧), એ (૨). સ્વરસહિત સંયુક્તાક્ષરો આ પ્રમાણે છે : ક્કા (૧), જ્ઝા (૧), દ્ધા (૧), પ્પ (૧), વ્વ (૨), વ્વે (૧).

'અ' સ્વર અને 'અ' સ્વરસહિત એટલે કે અકારાન્ત વ્યંજન આ પ્રમાણે છે : અ (૧), ગ (૨), ચ (૨), ઢ (૧), ન (૬), પ (૧), ય (૧), વ (૩), સ (૪), હ (૧), પ્પ (૧), વ્વ (૨).

'આ' સ્વર અને 'આ' કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : આ (૧), ક્કા (૧), જ્ઝા (૧), ણા (૧), તા (૧), દ્ધા (૧), પા (૧), યા (૨), લા (૧), સા (૧).

'ઇ' સ્વર અને 'ઇ'કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : ઇ (૧), રિ (૨), સિ (૧), સિં (૧).

'ઉ' અને 'ઊ' સ્વર અને 'ઉ-ઊ'કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : ઉ (૧), મુ (૧), હૂ (૧).

'એ' સ્વર અને 'એ'કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : એ (૨), વ્વે (૧).

'ઓ' સ્વર અને 'ઓ'કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : ણો (૧), મો (૫), રો (૧), લો (૧), સો (૧).

'અં'કારાન્ત વ્યંજનો આ પ્રમાણે છે : ણં (૬), પં (૧), મં (૩), લં (૧), હં (૧).

આમ, અકારાન્ત (૨૫), આકારાન્ત (૧૧), ઇકારાન્ત (૫), ઉકારાન્ત (૩), એકારાન્ત (૩), ઓકારાન્ત (૯) અને અંકારાન્ત (૧૨) – એમ ૬૮ અક્ષરો છે.

નવકારમંત્રમાં કંઠસ્થાનીય વ્યંજનો આ પ્રમાણે છે : ક્કા (૧), ગ (૨).

તાલવ્ય વ્યંજન આ પ્રમાણે છે : ચ (૨), જ્ઝા (૧).

મૂર્ધન્ય વ્યંજનો આ પ્રમાણે છે : ઢ (૧), ણં (૬), ણા (૧), ણો (૧).

દંત્ય વ્યંજનો આ પ્રમાણે છે : તા (૧), ન (૬), દ્ધા (૧).

ઓષ્ઠ-સ્થાનીય વ્યંજનો આ પ્રમાણે છે : પ (૧), પા (૧), પ્પ (૧), પં (૧), મુ (૧), મો (૫), મં (૩).

અર્ધસ્વર આ પ્રમાણે છે : ય (૧), યા (૨), રિ (૨), રો (૧), લા (૧), લો (૧), લં (૧), વ (૩), વ્વ (૨), વ્વે (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉષ્માક્ષરો આ પ્રમાણે છે : સ (૪), સા (૧), સો (૧), સિ (૧), સિં (૧), હ (૧), હૂ (૧), હં (૧).

આમ નવકારમંત્રમાં ૬ સ્વર અને ૬૨ સ્વરયુક્ત વ્યંજન (૩ + ૩ + ૯ + ૮ + ૧૩ + ૧૫ + ૧૧) એમ કુલ ૬૮ વર્ણ અથવા અક્ષર છે. ૬ શુદ્ધ સ્વર છે અને સંયુક્તાક્ષરમાં રહેલા એવા કેવળ વ્યંજનો સાત છે. એમાં વ્યંજન વ્ ત્રણ વાર વપરાયો છે.

નવકારમંત્રમાં ખ, ઘ, છ, ટ, ઠ, ડ, ફ, બ, ભ, શ, ષ જેવા વ્યંજનો વપરાયા નથી. જોકે આમાંના ઘણા વ્યંજનો અન્ય મંત્રોમાં પણ ઓછા વપરાયેલા કે ન વપરાયેલા જોવા મળશે. વળી નવકારમંત્ર અર્ધમાગધીમાં હોવાથી તેમાં શ, ષ જેવા વ્યંજનોને અવકાશ નથી.

આ પૃથક્કરણ ઉપરથી જોઈ શકાશે કે નવકારમંત્રમાં અનુનાસિક સ્વર અને અનુનાસિક વ્યંજનોનું સંખ્યાપ્રમાણ સૌથી વધારે છે. ૬૮ અક્ષરમાં વૈવિધ્યની દૃષ્ટિએ સ્વરો અને વ્યંજનો ઠીક ઠીક પ્રમાણમાં વપરાયેલા જોવા મળશે. કેટલાક મંત્રો અક્ષરોની દૃષ્ટિએ કષ્ટોચ્ચાર્ય હોય છે. નવકારમંત્ર કષ્ટોચ્ચાર્ય નથી. તરત જીભે ચડી જાય એવો આ મંત્ર છે. બાળક બોલતાં શીખે એની સાથે નવકારમંત્ર બોલતાં શીખી શકે એટલી સરળતા એના ઉચ્ચારણમાં છે. ભાષાની દૃષ્ટિએ જેને હજુ સરખું બોલતાં ન આવડતું હોય એવાં દોઢ-બે-અઢી વર્ષનાં બાળકો નવકારમંત્ર હોંશે હોંશે બોલતાં શીખી ગયાં હોય એવાં અનેક દૃષ્ટાંતો જોવા મળશે. મુખના ઉચ્ચારણના અવયવોની કંઈક ખોડ કે ખામીવાળાં માણસો પણ નવકારમંત્ર બોલી શકતાં હોય છે. એટલી સરળતા અને ક્ષમતા નવકામંત્રમાં છે.

નવકારમંત્રના અધ્યયનસ્વરૂપ કે મંત્રસ્વરૂપ એવાં પહેલાં પાંચ પદ 'નમો' શબ્દથી શરૂ થાય છે. આ શબ્દના બંને વ્યંજનો અનુનાસિક વ્યંજનો છે. અનુનાસિક ઉચ્ચારણ સરળ, શ્રમ વિનાનું અને કર્ણપ્રિય હોય છે. મુખ ખોલ્યા વગર પણ અનુનાસિક ઉચ્ચારણ થઈ શકે છે. બાળક બોલતાં શીખે છે ત્યારે 'ના', 'મા' જેવા એકાક્ષરી અનુનાસિક ઉચ્ચારવા લાગે છે. એટલે નવકારમંત્રમાં 'નમો' પદના ઉચ્ચારણમાં મુખના ઉચ્ચારણ-અવયવોને ઓછું કાર્ય કરવું પડે છે અને તેથી તેના ઉચ્ચારણમાં અભાવ, આનાકાની કે પ્રતિક્રિયાનો સંભવ રહેતો નથી.

વળી નવકારમંત્રના સ્વર-વ્યંજનો વિશે એમ કહેવાય છે કે દરેકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું બધું સામર્થ્ય છે કે બાલ્યાવસ્થા, ઉચ્ચારણના અવયવોની ખોડ, શિખાઉ અવસ્થા કે અજ્ઞાનને કારણે તે સ્વરવ્યંજનનું અશુદ્ધ કે આઘુંપાછું ઉચ્ચારણ થઈ જાય અથવા એકને બદલે અન્ય સ્વર કે અન્ય વ્યંજનનું જો ઉચ્ચારણ થઈ જાય તો પણ તેનો કંઈક મહત્ત્વનો અને અનુરૂપ અર્થ અવશ્ય થાય જ છે. વળી, તેવા ઉચ્ચારણમાં અશાતનાનો દોષ લાગતો નથી. નમસ્કારમંત્રના ચિંતકોએ આ મંત્રનાં એવાં કેટલાંયે સંભવિત અન્ય ઉચ્ચારણોનાં ઉદાહરણ આપીને તે દરેકનો પણ સરસ અર્થ ઘટાવી આપ્યો છે. એકલા પ્રથમ પદ 'નમો અરિહંતાણં'ના પણ કેટલા બધા અર્થ પૂર્વસૂરિઓએ દર્શાવ્યા છે ! એ પરથી સમજાશે કે નવકારમંત્રમાં સ્વરવ્યંજનના ઉચ્ચારણમાં અન્ય મંત્રોની જેમ અશુદ્ધિના દોષ ઉપર ભાર મૂકીને તેનો ભય બતાવવામાં નથી આવ્યો. અલબત્ત, તેમ છતાં શુદ્ધિ માટેનો આગ્રહ તો અવશ્ય ઇષ્ટ ગણાયો છે.

શું મંત્રદ્રષ્ટાઓ પહેલાં બધા સ્વરવ્યંજનોનો વિચાર કરી, તેમાંથી પસંદગી કરી, અમુક ક્રમે તેમને ગોઠવીને મંત્રની રચના કરતા હશે ? આ પ્રશ્નોનો જવાબ એ છે કે મંત્રરચના એ કોઈ બૌદ્ધિક વ્યાયામ નથી, પરંતુ મંત્રદ્રષ્ટાઓને પોતાની વૈયક્તિક સાધના અનુસાર સ્વરૂપ, પ્રયોજન, આરાધના, કાર્યસિદ્ધિ, ઇત્યાદિની દૃષ્ટિએ પોતાના આત્મસ્વરૂપમાં, આત્મસંવેદનામાં જે સ્વરવ્યંજનો સહજ રીતે ઊઠતા, અનુભવાતા હશે તે જ સ્વરવ્યંજનો એની મેળે ગોઠવાઈ જઈને મંત્રસ્વરૂપ બની જતા હશે. આ એક અંત્યત સૂક્ષ્માતિસૂક્ષ્મ અનુભૂતિનો વિષય છે. તેમાં પણ બે સાધકોની અનુભૂતિ જુદી જુદી હોઈ શકે છે. એટલે એમાં કોઈ એક જ નિશ્ચિત નિયમ ન પ્રવર્તી શકે.

નવકારમંત્રના અક્ષરો ગૂઢ રહસ્યમય અને સાંકેતિક છે. નવકારમંત્રમાં જે રીતે તે સ્થાન પામ્યા છે તેમાં તેનું માત્ર ગાણિતિક દૃષ્ટિએ પણ વિશિષ્ટ પ્રયોજન જોઈ શકાય છે. નવકારમંત્ર અક્ષરોની દૃષ્ટિએ સર્વસંગ્રહ છે એમ દર્શાવતાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ 'અનુપ્રેક્ષા' ગ્રંથમાં લખે છે : "નવકારમાં ચૌદ 'ન'કાર છે. [પ્રાકૃત ભાષામાં 'ન' અને 'ણ' બંને વિકલ્પે આવે છે.] તે ચૌદ પૂર્વોને જણાવે છે, અને નવકાર ચૌદ પૂર્વરૂપી શ્રુતજ્ઞાનનો સાર છે એવી પ્રતીતિ કરાવે છે. નવકારમાં બાર 'અ'કાર છે તે બાર અંગોને જણાવે છે. નવ 'ણ'કાર છે તે નવ નિધાનને સૂચવે છે. પાંચ 'ન'કાર પાંચ જ્ઞાનને, આઠ 'સ'કાર આઠ સિદ્ધને, નવ 'મ'કાર ચાર મંગળ અને પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવ્રતોને, ત્રણ 'લ'કાર ત્રણ લોકને, ત્રણ 'હ'કાર આદિ, મધ્ય અને અંત્ય મંગળને, બે 'ચ'કાર દેશ અને સર્વ ચારિત્રને, બે 'ક'કાર બે પ્રકારનાં ઘાતી-અઘાતી કર્મોને, પાંચ 'પ'કાર પાંચ પરમેષ્ઠિને, ત્રણ 'ર'કાર (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી) ત્રણ રત્નોને, ત્રણ 'ય'કાર (ગુરુ અને પરમગુરુ એમ) બે પ્રકારના ગુરુઓને, બે 'એ'કાર સાતમો સ્વર હોવાથી સાત રાજ ઊર્ધ્વ અને સાત રાજ અધો એવા એવા ચૌદ રાજલોકને સૂચવે છે." વળી તેઓ લખે છે :

"મૂળ મંત્રના ચોવીસ ગુરુ અક્ષરો ચોવીસ તીર્થંકરોરૂપી પરમ ગુરુઓને અને અગિયાર લઘુ અક્ષરો વર્તમાન તીર્થપતિના અગિયાર ગણધર ભગવંતોરૂપી ગુરુઓને પણ જણાવનારા છે."

નવકારમંત્રના વર્ણોના ભિન્ન ભિન્ન સ્વર અને વ્યંજનને લક્ષમાં રાખીને આવાં બીજાં પણ કેટલાંક સાંકેતિક અર્થઘટન દર્શાવવામાં આવે છે, જેમ કે એક વખત આવતો अ અનેકાન્તવાદ સૂચવે છે; એક વખત આવતો आ આણાએ ધમ્મો સૂચવે છે; એક વાર આવતો झा ઝાણ (ધ્યાન) સૂચવે છે; એક વાર આવતો ज જીવ-જગતનું સૂચન કરે છે; એક વાર આવતો त તત્ત્વ (આત્મતત્ત્વ) સૂચવે છે, એક વાર આવતો द દેવ (વીતરાગ પ્રભુ)નું સૂચન કરે છે; એક વાર આવતો ध ધર્મક્રિયા સૂચવે છે; એક વખત આવતો ह હિંસાત્યાગ સૂચવે છે. ત્રણ વાર આવતો य ત્રણ યોગ (મન, વચન અને કાયાના)નું સૂચન કરે છે; નવ વખત આવતો व નવ વાડ (બ્રહ્મચર્યની)નું સૂચન કરે છે.

આમ, નવકારમંત્રના જુદા જુદા અક્ષરોનો મહિમા ઘણી જુદી જુદી રીતે દર્શાવાયો છે.

નવકારમંત્રના અક્ષરનો મહિમા દર્શાવતાં વળી કહેવાયું છે :

मन्त्रपंच नमस्कार कल्पकारस्कराधिकः।
अस्ति प्रत्यक्षराष्टाग्रोत्कृष्टविद्यासहस्रकः।।

[કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળા પંચ -પરિમેષ્ઠિ નમસ્કારના પ્રત્યેક અક્ષર ઉપર એક હજાર ને આઠ વિદ્યાઓ રહેલી છે.]

नवकार एक अक्खर पावं फेडेइ सत्तअयराणं।
पन्नासं च पएण सागर पणसय समग्गेणं।।

[શ્રી નવકારમંત્રનો એક અક્ષર સાત સાગર (સાગરોપમ)નાં પાપનો નાશ કરે છે. તેના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કુશળલાભ વાચક 'નવકારમંત્રના છંદ'માં એનો મહિમા વર્ણવતાં આરંભમાં જ કહે છે :

**અડસઠ અક્ષર અધિક ફલ, નવ પદ નવે નિધાન,**
**વીતરાગ સ્વયં મુખ પદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન;**
**એક જ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય,**
**સંચિત સાગર સાતનાં પાતિક દૂર પલાય.**

નવકારમંત્રમાં જેને નમસ્કાર કરવામાં આવ્યો છે તે પદો -- अरिहंताणं, सिद्धाणं, आयरियाणं, उवज्झायाणं, साहूणं પદો, વ્યક્તિવાચક નહિ, પણ જાતિવાચક કે ગુણવાચક હોવાથી જ નવકારમંત્ર સર્વવ્યાપક અને સનાતન રહ્યો છે. એથી જ આ મંત્ર અન્ય ધર્મને પણ સ્વીકાર્ય બની શકે છે. એનાં ગુણવાચક પદોની આ મહત્તા છે.

નવકારમંત્રનાં પાંચ પદ, ચૂલિકાનાં ચાર પદ, અને ચૂલિકાસહિત નવ પદના સંખ્યાંક પ્રમાણે તથા તે દરેકનાં સ્વર, વ્યંજન, માત્રા વગેરેના સંખ્યાંક પ્રમાણે તથા તેનાં સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે કરવાથી પ્રાપ્ત થતાં સંખ્યાંક પ્રમાણે તેની સાથે ત્રણ તત્ત્વ, ચાર કષાય, ચાર ગતિ, પાંચ આચાર, પાંચ મહાવ્રત, પાંચ જ્ઞાન, છ દ્રવ્ય, સાત નય, આઠ કર્મ, નવ તત્ત્વ, નવ નિધિ, અગિયાર ગણધર, દ્વાદશાંગી, ચૌદ ગુણસ્થાન, ચૌદ રાજલોક, બાવીસ પરીષહ, ચોવીસ તીર્થંકર વગેરેનો સંખ્યાંક જોડીને તેનો મહિમા બતાવાય છે. અમુક રીતે ગુણાકાર વગેરે કરવાથી સર્વ શ્રુતજ્ઞાનના અક્ષરોની સંખ્યા પણ આવે છે એમ દર્શાવાય છે. એકંદરે નવકારમંત્રના અક્ષરો મંત્રરૂપ હોવાથી અને તેની વિવિધ સંખ્યા સાંકેતિક હોવાથી તે નવકારમંત્રના મહિમાને સવિશેષ દર્શાવે છે. આમાં ઉપલક દૃષ્ટિએ કોઈએ માત્ર જોડી કાઢેલી ગણિતની રમત દેખાય, પરંતુ અનુપ્રેક્ષા દ્વારા જેમને સૂક્ષ્મ અનુભૂતિ થઈ હોય તેમને પ્રત્યેક અક્ષર યથાસ્થાને, યથાર્થ, પરમ રહસ્યનો બોધ કરાવનાર અને સમગ્રપણે મોક્ષમાર્ગના પ્રયાણ માટે પથપ્રદર્શક લાગે છે.

હજારો વર્ષ પૂર્વેથી જે મંત્ર સાતત્યપૂર્વક ચાલ્યો આવતો હોય એમાં જુદી જુદી પરંપરામાં કોઈ કોઈ અક્ષરમાં ફરક પડ્યો છે, પણ એવા ફરકનું ખાસ મહત્ત્વ નથી. વળી પદની દૃષ્ટિએ તથા અર્થ અને ભાવની દૃષ્ટિએ તેમાં કશો જ ફરક પડ્યો નથી.

શ્વેતામ્બર પરંપરામાં કોઈક ફિરકાના કેટલાક લોકોમાં अरिहंताणंને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે अरहंताणं શબ્દ બોલાય છે. [अरिहंताणंને બદલે अरहंताणं અથવા अरुहंताणं પાઠ પ્રાચીન ગ્રંથોમાં પણ મળે છે] नमो लोए सव्वसाहूणंને બદલે नमो सव्वसाहूणं એવો પાઠ પણ 'ભગવતી સૂત્ર'માં મળે છે.

દિગમ્બર પરંપરામાં आयरियाणंને બદલે आइरियाणं, नमुक्कारोને બદલે णमोयारो અને हवइने બદલે होइ પાઠ વધુ બોલાય છે, પરંતુ તેથી અર્થ અને ભાવની દૃષ્ટિએ કંઈ ફરક પડતો નથી.

નવકારમંત્રમાં પ્રથમ પદ नमो ને બદલે णमो પણ વપરાય છે. શ્વેતાંબરોમાં नमो અને દિગમ્બરોમાં णमो એકંદરે વધુ પ્રચલિત છે, તેમ છતાં બંને પદ બંને સંપ્રદાયોમાં વિકલ્પે વપરાય છે.

નવકારમંત્રમાં જે नमो પદ છે તેમાં પ્રથમ વ્યંજન દંત્ય તરીકે न બોલાય છે. તથા વિકલ્પે મૂર્ધન્ય 'ण' પણ બોલાય છે. સંસ્કૃત ભાષાના न જેટલો પ્રચલિત છે, તેટલો ण નથી, પરંતુ પ્રાકૃતમાં – અર્ધમાગધીમાં न કરતાં 'ण' વધુ પ્રચલિત છે. નવકારમંત્ર પ્રાકૃત ભાષામાં હોવાથી नमोને બદલે णमो બોલાય-લખાય તે વધુ યોગ્ય છે એમ કેટલાક માને છે. પ્રાકૃતમાં नને સ્થાને णનો આદેશ થાય છે. વરરુચિ નામના વૈયાકરણ પ્રમાણે પ્રાકૃતમાં 'न'નો 'ण' થવો જોઈએ, 'પ્રાકૃત પ્રકાશ' નામના વ્યાકરણ ગ્રંથમાં नो ण सर्वत्र। નામનું સૂત્ર આપ્યું છે, જે બતાવે છે કે પ્રાકૃતમાં બધે જ નનો ण થાય છે, પરંતુ હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'માં આ અંગે वादौ સૂત્ર (૮ – ૧ – ૨૨૯) આપ્યું છે તે પ્રમાણે वा એટલે વિકલ્પે અને आदौ એટલે આદિમાં અર્થાત્ શબ્દારંભે રહેલા અસંયુક્ત નનો ण થાય છે. પ્રાકૃતમાં લખાયેલા કેટલાક ગ્રંથોમાં न નો વિકલ્પે ण જોવા મળે છે. હસ્તપ્રતોમાં પણ न અને ण એ બંને અનુનાસિક વ્યંજનો વિકલ્પે લખાયેલા જોવા મળે છે. વળી ઓરિસ્સાની ઇસવીસન પૂર્વેની ગુફામાં नमो કોતરાયેલું તથા મથુરાના સ્તૂપ ઉપર પણ नमो કોતરાયેલું જોવા મળે છે. આમ અત્યંત પ્રાચીન કાળથી બંને પદો પ્રચલિત રહ્યાં છે. એટલે न અને ण એ બંને પ્રયોગો શુદ્ધ છે એમ કહી શકાય. માટે જ नमोને બદલે णमो હોય અથવા नमुक्कारोને બદલે णमुक्कारो હોય તો તે બંને સાચાં છે. પરંતુ नमोને બદલે णमो જ થવું જોઈએ એવો આગ્રહ યોગ્ય નથી.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ णमो અને नमो એ બંને પદ યોગ્ય છે. મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ अथी ह સુધીના બધા જ અક્ષરો મંત્રસ્વરૂપ છે. માતૃકાક્ષરોનાં જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભાશુભ ફલ મંત્રશાસ્ત્રના ગ્રંથોમાં દર્શાવવામાં આવ્યાં છે તેમાં નને 'સંતોષ આપનાર' તરીકે અને ણને 'શ્રમ કરાવનાર' તરીકે ઓળખાવાયો છે. 'મંત્રાભિધાન' ગ્રંથમાં ણનાં ૨૦ નામો આપવામાં આવ્યાં છે : જેમ કે (૧) નિર્ગુણ (૨) રતિ (૩) જ્ઞાન (૪) જૃંભન (૫) પક્ષિવાહન (૬) જ્યા (૭) શંભુ (૮) નરકજિત (૯) નિષ્કલ (૧૦) યોગિનીપ્રિય (૧૧) દ્વિમુખ (૧૨) કોટવી (૧૩) શ્રોત્ર (૧૪) સમૃદ્ધિ (૧૫) બોધિની (૧૬) રાઘવ (૧૭) શંખિની (૧૮) વીર (૧૯) (૨૦) નિર્ણય.

'મંત્રાભિધાન'માં તદુપરાંત એવી જ રીતે નનાં ૩૫ નામ નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે : જેમ કે (૧) ગર્જ્જિની (૨) ક્ષમા (૩) સૌરિ (૪) વારુણી (૫) વિશ્વપાવની (૬) મેષ (૭) સવિતા (૮) નેત્ર (૯) દંતુર (૧૦) નારદ (૧૧) અંજન (૧૨) ઊર્ધ્વવાસી (૧૩) દ્વિરંડ (૧૪) વામપાદાંગુલિમુખ (૧૫) વૈનતેય (૧૬) સ્તુતિ (૧૭) વર્ત્મન્ (૧૮) તરણિ (૧૯) વાલિ (૨૦) આગળ (૨૧) વામન (૨૨) જ્વાલિની (૨૩) દીર્ઘ (૨૪) નિરીહ (૨૫) સુગતિ (૨૬) વિયત્ (૨૭) શબ્દાત્મા (૨૮) દીર્ઘઘોણા (૨૯) હસ્તિનાપુર (૩૦) મંચક (૩૧) ગિરિનાયક (૩૨) નીલ (૩૩) શિવ (૩૪) અનાદિ અને (૩૫) મહામતિ.

આમ ણ કરતાં નનો મહિમા મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ પણ વધુ બતાવવામાં આવ્યો છે.

છંદશાસ્ત્રની દૃષ્ટિએ ણ દગ્ધાક્ષર હોવાથી નિષિદ્ધ મનાયેલો છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ણ જ્ઞાનનો વાચક છે. માટે તે મંગલમય છે. તેવી રીતે ન પણ જ્ઞાનનો વાચક છે અને તે પણ મંગલમય મનાય છે.

આમ નવકારમંત્રમાં नमो અને णमो બંને પદ વિકલ્પે વપરાય છે. બંને શુદ્ધ અને સાચાં છે. તેમ છતાં णमो કરતાં नमोનો મહિમા વધુ મનાયો છે. વળી नमो પદ વધુ પ્રચલિત રહ્યું છે.

નવમું પદ पढमं हवइ मंगलम् ને બદલે पढमं होइ मंगलं એ પ્રમાણે પણ બોલાય છે. શ્વેતામ્બરોમાં हवइ અને દિગમ્બરોમાં होइ વિશેષપણે બોલાય છે.

અર્થની દૃષ્ટિએ हवइ અને होइ બંને બરાબર છે. અને બંને સાચાં છે. हवइ અને होइ એ બંને પદ વ્યાકરણની દૃષ્ટિએ વર્તમાનકાળમાં તૃતીય પુરુષ એકવચનમાં વપરાય છે, તેનું મૂળ ધાતુ 'हो' છે. સંસ્કૃત ભાષામાં भू ધાતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી વર્તમાનકાળમાં તૃતીય પુરુષ એકવચનમાં भवति થાય છે. તે પ્રમાણે પ્રાકૃતમાં हवइ અથવા होइ થાય છે.

પરંતુ होइ કરતાં हवइ વધુ પ્રચલિત છે, કારણ કે જો होइ બોલવામાં આવે તો ચૂલિકાનાં ચાર પદના ૩૨ અક્ષર થશે, એટલે કે નવકારમંત્રના ૬૭ અક્ષર થશે. हवइ બોલવાથી ચૂલિકાના ૩૩ અક્ષર થશે. અને નવકારમંત્રના ૬૮ અક્ષર થશે. ચૂલિકાના ૩૩ અક્ષર [तितीस अक्खर] છે અને તેમાં નવમા પદમાં हवइ છે એવો સ્પષ્ટ નિર્દેશ 'મહાનિશીથ સૂત્ર'માં થયેલો છે તે જુઓ :

**तहेव इक्कारसपयपरिच्छिन्नति आलावगतित्तीस अक्खरपरिमाणं एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ति चूलम्।**

દિગમ્બર ગ્રંથ 'મૂલાચાર'ના ષડાવશ્યકાધિકારમાં નીચેની ગાથા આપેલી છે :

**एसो पंचणमोयारो सव्वपावप्पणासणो।**
**मंगलेसु य सव्वेसु, पढमं हवदि मंगलं।।**

આ ગાથા દિગમ્બર શાસ્ત્રોમાં છે. તેમની પૂજનવિધિમાં પણ તે આવે છે. આમાં हवदि છે, જે ઉપરથી हवइ થાય અને તે વધુ પ્રચલિત છે. તેમાં છેલ્લા પદમાં ૯ અક્ષર છે એટલે આ શ્લોકના ૩૨ ને બદલે ૩૩ અક્ષર થાય છે.

નવકારમંત્રમાં ચૂલિકા અનુષ્ટુપ છંદમાં છે. અનુષ્ટુપ છંદમાં પ્રત્યેક ચરણ આઠ અક્ષરનું હોય છે. એ રીતે ચૂલિકાનાં ચાર ચરણના ૩૨ અક્ષર થાય. એટલે છેલ્લા ચરણમાં होइ લઈએ તો ૩૨ અક્ષર બરાબર થાય અને हवइ લેતાં ૩૩ અક્ષર થાય અને તેથી છંદોભંગનો દોષ આવે એવી એક દલીલ કરવામાં આવે છે, પરંતુ અનુષ્ટુપ છંદમાં ૩૨ ને બદલે વિકલ્પે ૩૩ અક્ષર હોય એવાં અનેક ઉદાહણ ઉત્તરાધ્યયનસૂત્ર, દશવૈકાલિક વગેરેની ગાથાઓમાંથી મળશે. છંદની આ છૂટ પરાપૂર્વથી લેવાતી આવી છે. પ્રાકૃત કવિતામાં તે વિશેષપણે જોવા મળે છે. એટલે નવકારમંત્રમાં हवइ પદને લીધે ચૂલિકાના અનુષ્ટુપ છંદના ૩૩ અક્ષર થાય છે એ છંદોભંગનો દોષ નથી. વળી ચૂલિકાના ૩૨ ને બદલે ૩૩ અક્ષરનું પ્રયોજન અન્ય એક દૃષ્ટિએ દર્શાવવામાં આવે છે. 'નમસ્કારાવલિકા' નામના ગ્રંથમાં નવકારમંત્રનો મહિમા બતાવતાં જણાવ્યું છે કે કોઈ ખાસ પ્રયોજન કે પ્રસંગ ઉપસ્થિત થાય તે વખતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂલિકાનાં ચાર પદોનું ધ્યાન ધરવું. એ ધ્યાન કર્ણિકાસહિત બત્રીસ પાંખડીના કમળનું ધરવાનું હોય છે, અને તે દરેક પાંખડીમાં એક એક અક્ષર અને એક અક્ષર કર્ણિકામાં એમ ૩૩ અક્ષરનું સ્થાપન કરીને ધ્યાન ધરવાનું ગ્રંથકારે ફરમાવ્યું છે. એટલે ચૂલિકાના ૩૩ અક્ષરો હોય તો જ આવું કમળની પાંખડીઓવાળું ધ્યાન ધરી શકાય. એટલે ચૂલિકાના ૩૩ અક્ષરોને એનું સમર્થન મળે છે.

નવકારમંત્રના ધ્યાનના ક્રમમાં પણ અક્ષરો અને પદોનું મહત્ત્વ છે. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ 'નમસ્કાર મીમાંસા'માં લખે છે : 'પ્રથમ અક્ષરમય, પછી પદમય, પછી રૂપસ્થ અને છેલ્લે રૂપાતીત એ ધ્યાનનો ક્રમ છે. અક્ષરધ્યાન આકૃતિ અને વર્ણ ઉભય પ્રકારે કરાય છે. મંત્રનો દરેક અક્ષર પવિત્ર છે, કેમ કે તે વડે મંત્રદેવતાના દેહનું નિર્માણ થાય છે. મંત્રનું આત્મા સાથે–આત્માની ચિત્તશક્તિ સાથે અનુસંધાન થવું તે શબ્દાનુસંધાન છે. અક્ષરમય ધ્યાન વડે શબ્દાનુસંધાન, પદમય ધ્યાન વડે અર્થાનુસંધાન અને રૂપસ્થ ધ્યાન વડે તત્ત્વાનુસંધાન થાય છે.' વળી તેઓ 'નમસ્કારમીમાંસા'માં લખે છે: 'મંત્રદૃષ્ટિએ નમસ્કારના વર્ણો પરમ પવિત્ર છે. પવિત્ર પુરુષોના મુખમાંથી નીકળેલા છે. અને પરમ પવિત્ર એવા પરમેષ્ઠિ પદને પમાડનારા છે. શબ્દશક્તિ અચિંત્ય છે; આ વર્ણો અભેદ-પ્રણિધાન કરાવનારા છે; ધ્વનિરૂપે અનાહત નાદ સુધી પહોંચાડનારા છે; અને જ્ઞાનરૂપે અવ્યક્ત એવા આત્મતત્ત્વને પમાડનાર છે. પ્રથમ વર્ણોચ્ચાર પછી વર્ણચ્યુતિ, ત્યારપછી, અનાહત નાદ અને અંતે અવ્યક્તની પ્રાપ્તિ, એવો ક્રમ છે.'

નવકારમંત્રમાં માતૃકાઓનું ધ્યાન, એક એક અક્ષરનું અલગ અલગ ધ્યાન, પણ મહત્ત્વનું અને આધ્યાત્મિક વિકાસમાં ઉપયોગી મનાયું છે. ધ્યાન ધરવામાં આગળ વધેલા મહાપુરુષો જ્યારે સંભેદ-પ્રણિધાન-પદ્ધતિથી નવકારમંત્રના કોઈ પણ એક અક્ષરનું ધ્યાન કરે છે ત્યારે તેની સામે પોતાના આત્માને એકાકાર બનાવી દે છે. તેઓ તે અક્ષરમય બની જાય છે.

નવકારમંત્રના અડસઠ અક્ષરોનું ધ્યાન કુંડલિની શક્તિ જાગ્રત કરવા માટે પણ કરાય છે. અડસઠ અક્ષરોને કુંડલિની આકારે સાડા ત્રણ વર્તુલમાં ક્રમાનુસાર ગોઠવી એક પછી એક અક્ષરનું મૂલાધાર ચક્રમાં ધ્યાન ધરાય છે.

આમ, નવકારમંત્રના અડસઠ અક્ષરનું ધ્યાન અડસઠ તીરથની જાત્રા સમાન ગણાય છે. (અડસઠ તીર્થનાં નામોની ગણના જુદી જુદી રીતે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તેનો સ્થૂલ અર્થ ઉપરાંત આધ્યાત્મિક અર્થ પણ ઘટાવાય છે.) અડસઠ અક્ષરનું ધ્યાન ભવોદધિ તરવા માટે નૌકા સમાન ગણાય છે. નવકારમંત્રના અક્ષરો સંસારસાગરનો પાર કરાવનાર, મોક્ષપદનો દાતાર ગણાય છે. નવકારમંત્રના અક્ષરનું ધ્યાન આત્માને એના અક્ષર- સ્વરૂપમાં લઈ જાય છે અને અક્ષર (અક્ષય) પદ અપાવે છે.

નવકારમંત્ર આવો પરમ અદ્વિતીય મંત્ર ગણાતો હોવા છતાં આપણી આસપાસ નજર કરીએ તો જણાશે કે સંસારનાં અનેક મનુષ્યોને નવકારમંત્રની કંઈ જ ખબર નથી. શાસ્ત્રકારો કહે છે કે મંત્રમાં રહેલા મંત્રસ્વરૂપ અક્ષરોની જીવનમાં પ્રાપ્તિ થવી એ પણ પૂર્વના પુણ્યોદય વિના, તેવા પ્રકારના શુભ કર્મના ઉદય વિના શક્ય નથી. માણસ અનેકને નમવાની દ્રવ્યક્રિયા કરતો હોય અને છતાં નવકારમંત્રના પ્રથમ પદ ‘નમો અરિહંતાણં’ને તો શું પણ પ્રથમ પદના પ્રથમ અક્ષર ન ને પામી શકતો નથી. માણસ વર્ણમાળાના ન અક્ષરનું ઉચ્ચારણ પોતાના જીવનમાં અનેક વાર, અસંખ્ય વાર કરતો હોવા છતાં નવકારમંત્રના મંત્રસ્વરૂપ અક્ષર ન સુધી તે પહોંચી શકતો નથી. તેને પામી શકતો નથી.

નવકારમંત્રની જાણ થયા પછી, એના અર્થની સમજણ પામ્યા પછી પણ શ્રદ્ધાપૂર્વક પંચપરમેષ્ઠિ પ્રત્યે પ્રીતિ, ભક્તિ વગેરે પ્રગટ થવાનું સરળ નથી. નવકારમંત્ર સરળ મંત્ર છે, છતાં તેને જીવનમાં સાચી રીતે પામવો, સારી રીતે જીવનમાં તે પ્રતિષ્ઠિત થવો કે સિદ્ધ થવો અત્યંત દુર્લભ મનાયો છે. એટલા માટે જ કહેવાયું છે કે :

**विज्झइ राहा वि फुडं**
**उम्मूलिज्जइ गिरी वि मूलाओ।**
**गम्मइ गयणयलेणं**
**दुलहो य इमो नमुक्कारो।।**

[રાધાપૂતળીને સ્પષ્ટપણે વીંધવી એ દુષ્કર નથી. ગિરિનું મૂળથી ઉન્મૂલન કરવું એ પણ દુષ્કર નથી. ગગનતલમાં ગમન કરવું એ પણ અશક્ય નથી. પણ આ એક નવકારમંત્રને સાચી રીતે પામવો એ અતિ દુર્લભ છે.]

❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org